EDII

**Economic Times (Guj.)**

**April 4, 2017**
**Page No. 2**

# EDII- મલેશિયા વચ્ચે સ્કિલ ડેવ.કરાર

ઇટી બ્યૂરો
અમદાવાદ

અમદાવાદ સ્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ) અને મલેશિયાના માનવ સંસાધન મંત્રાલય હેઠળના હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ફંડની શાખા પેમ્બાન્ગુનન સુમ્બર મનુસિયા બર્હાડ (પીએસએમબી) એ સ્કિલ ડેવલપમેન્ટ માટે નવી દિલ્હી ખાતે કરાર કર્યા હતા. પીએસએમબી વર્ષ ૨૦૨૦ સુધીમાં મલેશિયાના ૩૫ ટકા વર્કફોર્સને ગુણવત્તાયુક્ત કૌશલ્ય પ્રદાન કરવા અને તેમને રોજગારી મેળવવાને લાયક બનાવવાની વ્યૂહાત્મક પહેલનો અમલ કરવા મલેશિયાની સરકારનો મેન્ડેટ ધરાવે છે.

આ જોડાણ મારફતે ઇડીઆઇઆઇ શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થા નિર્માણના ક્ષેત્રમાં પીએસએમબી સાથે તેની કુશળતા પૂરી પાડશે, જેથી પીએસએમબીના ટ્રેનર્સ પીએસએમબીના અપ-સ્કિલિંગ માટેના પ્રોગ્રામ અને મલેશિયાની મહિલાઓ, ઓછી આવક ધરાવતા સમુદાય અને યુવાનોને ફરી કૌશલ્ય પ્રદાન કરવા વિસ્તૃત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ આપવા માટે પોતાની કુશળતા વહેંચશે.